આંક–૦૫

**મે.મજુર અદાલત, અમદાવાદના પ્રિસાઈડિંગ ઓફિસર,**
**શ્રી એચ.કે.મેરીયા સાહેબ સમક્ષ**

**રીકવરી ૩૩સી (૨) અરજી નં.૨૯૧/૨૦૨૧**

<u>અરજદાર</u> : શ્રી ગૌતમભાઈ રામુભાઈ ગૌડ
૯/૦,મીસેલીનીયસ ઈન્ડસ્ટ્રીઝ મજદુર સંઘ,
નગીનદાસ મ્યુનિસીપલ પુસ્તકાલયની બાજુમાં,
રખીચાલ ચાર રસ્તા પાસે,રખીચાલ, અમદાવાદ
અરજદારનુ સરનામુ: ૬૩૦,આબાદનગર,વૈશાલી ફ્લેટ,
બાપુનગર,અમદાવાદ.

**: <u>વિરૂધ્ધ</u> :**

<u>સામાવાળા</u> : ડાયમંડ ટેક્ષટાઈલ મીલ્સ પ્રા.લી.
ઠે. સરદાર મોલની બાજૂમાં, નીકોલ ગામ રોડ,
નીકોલ, અમદાવાદ.

<u>હાજર રહયા</u> : અરજદાર તરફે : શ્રી.એસ.બી.મીશ્રા
સામાવાળા તરફે : –

**–:: <u>ચુકા દો</u> ::–**

આ કામે અરજદારે આઈ.ડી.એકટ ૧૯૪૭ ની કલમ ૩૩(સી)(૨) અન્વયે આંક–૧ ની અરજીના પેરા–૯ માં જણાવ્યા મુજબ તેમની લ્હેણી રકમ સામાવાળા ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા અરજ કરેલ છે. સદરહું કામ સામાવાળા તરફેથી જવાબ રજુ થવાના તબકકા ઉપર હોય ત્યારે અરજદાર તથા તેના પ્રતિનિધિ ધ્વારા અત્રેની કોર્ટ સમક્ષ હાજર થઈ હાલની આંક–૪ થી સમાધાન રજુ કરેલ છે જે સમાધાન અરજદાર તથા સામાવાળાની કબૂલ મંજૂર હોય જેથી તે સમાધાન નોધવામાં આવેલ છે અને કામ હુકમ ઉપર મુકવામાં આવેલ. તે સંજોગોમાં હાલના કામમાં પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોઈ, સદર કેસ સમાધાન અન્વયે વિડ્રો કરે છે, જેથી લોક–અદાલતમાં તે બાબતે હુકમ કરી કામ ફેંસલ કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

લેબર કોર્ટ, અમદાવાદની રજીસ્ટ્રી ધ્વારા લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્ય પધ્ધતિ) નિયમો ૧૯૪૭ અન્વયેના પ્રકરણ ૮ ના નિયમ ૩૨ ની જોગવાઈ મુજબ સંબંધીત પક્ષકારને હુકમની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

તારીખ : ૧૧/૦૯/૨૦૨૧
સ્થળ : અમદાવાદ.

(હિતેન્દ્ર કરશનભાઈ મેરીયા)
CODE : GJ01279
પ્રિસાઈડીંગ ઓફીસર,
લેબર કોર્ટ, અમદાવાદ.

P V CHUDASAMA,P.A.